dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

November 2009 For private circulation only Vol. 01 - Issue 21

સૌથી પહેલી વસ્તુ એ છે કે આપણા યુવાનોએ બળવાન બનવું પડશે. ધર્મ તો પોતાની મેળે પાછળથી આવશે. મારા નવયુવાન મિત્રો ! બળવાન બનો; તમને મારી સલાહ છે. ગીતાના અભ્યાસ કરતાં ફૂટબોલની રમત દ્વારા તમે સ્વર્ગની વધુ નજીક પહોચી શકશો. આ શબ્દો તમને આકરા લાગશે પરંતુ મારે તમને કહેવું જોઈએ, કારણ કે તમે મને પ્રિય છો. મુશ્કેલી કયાં છે એ હું જાણું છું, મને થોડો અનુભવ મળ્યો છે ખરો. તમારાં બાવડાં, તમારા સ્નાયુઓ સહેજ વધુ મજબૂત હશે, તો ગીતાને વધુ સારી રીતે સમજી શકશો. તમારી નસોમાં સહેજ વધુ શકિતશાળી રકત વહેતું હશે તો તમે શ્રીકૃષ્ણની વિરાટ પ્રતિમાને અને પ્રચંડ શકિતને વધુ સારી રીતે પિછાણી શકશો. જયારે તમારો દેહ તમારા પગ ઉપર દ્રઢ રીતે ખડો રહી શકશે અને તમે મર્દાનગીનો ભાવ અનુભવશો ત્યારે તમે ઉપનિષદો અને આત્માના મહિમાને વધુ સારી રીતે જાણી શકશો.

સ્વામી વિવેકાનંદ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

"શિક્ષણનો વ્યાપ જરૂર વધ્યો છે. શોપિંગ સેન્ટરોમાં શાળા-કોલેજોનાં શટરો ખૂલ્યાં છે. ખેતરોમાં શાળા-કોલેજો ઊગવા લાગી છે ! ચોતરફ નજર દોડાવતાં જણાય છે કે શિક્ષણ અર્થશાસ્ત્રનો વિષય બની ગયું છે. માણસ ઘડવાનું જીવન ઘડવાનું એનું મુખ્ય ધ્યેય હાંસિયામાં ધકેલાઈ ગયું છે. વ્યાપની સાથે જે ઊંડાણ જોઈએ તે અનુભવાતું નથી. જે કંઈ દેખાય છે તે ઉપરછલ્લું અને આભાસી હોવાનું લાગે છે. પ્રાણતત્વ વગર શિક્ષણનો દેહ પડી રહયો છે. ક્ષીણ પ્રાણ થયેલું શિક્ષણ ગત પ્રાણ થાય તે પહેલાં ચિંતા અને ચિંતન કરવાની જરૂર છે. સંકોચાઈ ગયેલા 'શિક્ષણ' અને 'શિક્ષક' શબ્દના અર્થનો વિસ્તાર કરવામાં હવે વધારે મોડું કરવાની જરૂર નથી. જેટલું મોડું થશે તેટલું તેનું પરિણામ વધારે ઘાતક આવશે તે સમજાઈ જવું જોઈએ. શિક્ષણ સાથે સંકળાયેલા સૌ કોઈએ સક્રિયતામાંથી બહાર નીકળી પ્રામાણિકપણે વ્યકિતગત અને સહિયારા પ્રયત્નો કરવા પડશે. આપણા આતમરામને જગાવવો પડશે." ડૉ. દક્ષેશ ઠાકર સંપાદિત પુસ્તક "શિક્ષણ : ચિંતા અને ચિંતન"ના સંપાદકીય "તો કુછ બાત બને !" ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૯ને શિક્ષકદિને લખાયેલ આ શબ્દો ગુજરાતની અસ્મિતા યુવા શિબિર માટે જ લખાયા હોય તેવી સહજ અનુભૂતિ થાય છે.

મેગા શિબિરના આયોજન અંગે જૈન તેરાપંથી સભાના અગ્રણીઓ સાથે પ્રાથમિક ચર્ચા કરતાં તેમણે તુરંત જ એક વિશિષ્ટ જવાબદારી ઉપાડી લેવાની તૈયારી દર્શાવી. શિબિર દરમ્યાન રોજ સવારે પ્રેક્ષાધ્યાન તથા યોગના વર્ગો અણુવ્રત અનુશાસ્તા આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી દ્વારા તૈયાર કરાયેલ જૈન વિશ્વભારતી યુનિવર્સિટીના અધ્યાપકોની ટીમ દ્વારા ચલાવાશે તથા આ અંગેની સઘળી જવાબદારી તેમનો સમાજ ઊઠાવી લેશે તેવી નિશ્ચિતતા મળતાં તમામ કાર્યકર્તાઓમાં મેગા શિબિરની સફળતા માટેનો પીંડ બંધાયો. આચાર્યશ્રી મહાપ્રજ્ઞજીના વિશેષ સંદેશાએ નવી ચેતના પૂરી પાડી :

"आज जरुरत है एक ऐसी युवा पीढी के निर्माण की जिसकी चेतना अहिंसा, करुणा, संवेदनशीलता जैसे मानवीय मूल्यों के संस्कारों से अनुप्राणित हो, जिसकी प्रज्ञा स्वहित–परहित–विवेक से आलोकित हो और जिसका व्यवहार आत्मानुशासन, कर्त्तव्यनिष्ठा एवं संवेग संतुलन से अनुस्यूत हो । यदि कोई विश्वविद्यालय इस दिशा में पहल करता है तो वह निश्चित ही एक व्यापक राष्ट्रीय चरित्र निर्माण अभियान का सूत्रधार बन सकता है, जिसकी उच्च शिक्षा के क्षेत्र में आज नितान्त अपेक्षा है ।"

જૈન વિશ્વભારતી યુનિવર્સિટીની પ્રશિક્ષિત ટીમ દ્વારા યોગાસન તથા પ્રેક્ષાધ્યાનના પાઠોનું પ્રેકટિકલ સાથે અધ્યયન થયું. વિશેષમાં યોગાસન તથા પ્રેક્ષાધ્યાનનું અધ્યયન શિબિરાર્થીઓ ભૂલી ન જાય તે હેતુથી એક પુસ્તિકા ખાસ આ શિબિર માટે મુદ્રિત કરાવી પ્રત્યેક શિબિરાર્થીને મળે તેની જવાબદારી પણ સુરતના શ્રેષ્ઠીઓએ સ્વીકારી તેની સવિશેષ નોંધ લેવી પડે. સમણી પ્રતિભા પ્રજ્ઞાજીની વાણી "मै शक्तिशाली हुं ; मेरे शरीर के कण कणमें शक्तिका संचार हो रहा है ! मैं भारतीय हुं; मेरे शरीर के कण कणमें भारतीयता का संचार हो रहा है! તથા ૐનો પ્રવિત્ર નાદ હજીયે યુનિવર્સિટી પરિસરમાં ગુંજી રહયો છે... આદરણીયશ્રી બાલુકાકા, અંકેશભાઈ દોશી, રમેશભાઈ કોઠારી, જસકરણ ચોપડાજી, શૈલેષભાઈ ઝવેરી, વિનોદભાઈ બાંઠીયાના નામો આયોજન ટીમના સભ્યોને હૈયે રહી ગયા. જૈન વિશ્વભારતી યુનિવર્સિટીના કુલપતિ મહોદયા સમણી ડૉ. મંગલપ્રજ્ઞાજીની યુનિવર્સિટી પરીસરમાં ઉપસ્થિતિ તથા પ્રેરક પ્રવચનથી નવી ચેતના પ્રજ્જવલિત થઈ. શિક્ષણને કારણે બુધ્ધિ આંક વધી રહયો છે પરંતુ માનસિક અને ભાવનાત્મક વિકાસ વગર અખંડ વ્યકિતત્વ શકય નથી. માનવ અસ્તિત્વ અને વ્યકિતત્વ બે ભાગમાં વિભાજીત છે. અસ્તિત્વમાં કોઈ ફેરફાર શકય નથી; પરંતુ વ્યકિતત્વનું ઘડતર થઈ શકે છે. હકારાત્મક સંકલ્પોથી વ્યકિતત્વનો નિખાર આવે છે. જિંદગીના જહાજને તીવ્ર ઝડપે તથા વધુ ઊંચાઈએ લઈ જવા માટે મગજને પ્રશિક્ષિત કરવાથી તે સિધ્ધ થાય છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને જૈન વિશ્વભારતી યુનિવર્સિટીના વેલ્યુ એજયુકેશન અંગે કંઈક જોડાણ કરી શકવાની શકયતાઓ

અંગે પણ આ પ્રસંગે શિક્ષણ વિદ્યાશાખાના અધ્યાપકો તથા ડીન સાથે આંશિક ઔપચારિક ચર્ચાઓ પણ થઈ. નવા ઉઘાડની આશા બંધાણી.

વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સ્વયંસેવકોમાં શ્રમના મહત્ત્વનો ખ્યાલ દ્રઢ થાય તથા રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ થાય તે માટે યુવકો-યુવતીઓ એક સાથે રહે, એક સાથે જમે તથા એક સાથે વિવિધ પ્રવૃત્તિઓ થકી સમૂહજીવનના પાઠો ભણતા ભણતા 'નેતા તથા અનુયાયી'ના ઉત્તમ ગુણો ખીલવે તેવી પ્રવૃત્તિ એટલે વિવિધ શ્રમકાર્યોનું આયોજન. સ્વયંસેવકો દ્વારા સમગ્ર યુનિવર્સિટી પરિસરને ચોમાસામાં ઉગી નીકળેલ ઘાસને સાફ કરી જાણે નવા પરિધાનોથી સજ્જ કરી દીધું હોય તેવું રૂપાળું બનાવી દીધું. દરેક કોલેજની ટીમ તેના પ્રોગ્રામ ઓફિસરની સાથે ફાળવી આપેલી જગ્યાઓ પર સ્વચ્છતાના અભિયાનને સુપેરે પાર પાડયું. સમગ્ર યુનિવર્સિટી પરિસરને રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો દ્વારા સ્વચ્છ થયું હોય તેવું ઐતિહાસિક સીમાંકન પ્રસ્થાપિત થયું. મારે મન સૌથી વિશિષ્ટ ઘટના હોય તો તે છે યુનિવર્સિટી ગ્રંથાલયનું સ્વચ્છતા કાર્ય. સમગ્ર ગ્રંથાલયના તમામ પુસ્તકો, બેક વોલ્યુમ, મેગેઝિનોને રેકમાંથી બહાર કાઢી, રેકને સાફ કરી પુસ્તકોને સ્વચ્છ કરી ગોઠવવાનું સુંદર કાર્ય બે કોલેજની વિદ્યાર્થિની સ્વયંસેવકો દ્વારા હાથ ધરાયું. આ કાર્ય દરમ્યાન વિશેષ નવનીત મળ્યું. વર્ષ ૨૦૦૬ની રેલ દુર્ઘટના સમયે આડાઅવળા મૂકાઈ ગયેલા તથા રદ કરી દીધેલા પુસ્તકોના ઢગમાંથી મળી આવ્યા બે વિશિષ્ટ ગ્રંથમાળાના ગ્રંથો : મહર્ષિ અરવિંદ કૃત Sri Aurobindo (Vol. 1-30), (સમગ્ર ગ્રંથમાળા) તથા પંડિત જવાહરલાલ નહેરૂના Selected Works of Jawaharlal Nehru (Vol. 1-15) અને અન્ય અલભ્ય ગ્રંથો-જર્નલ્સના બાઉન્ડ વોલ્યુમ લાયબ્રેરિ સ્વચ્છતા કાર્ય દરમિયાન પ્રાપ્ત થયા. જાણે પારસમણી હાથ લાગ્યો હોય તેવી અનુભૂતિ કાર્યકારી યુનિવર્સિટી લાઈબ્રેરિયન ભાઈશ્રી બી.જે. અંકુયાની આંખોની ચમક જોઈ લાગી.

શિબિરની બીજી ખાસ નોંધનીય બાબત બપોરના વિરામ બાદ યુવાનોને પ્રેરક વિશિષ્ટ બૌદ્ધિકોની જ્ઞાનશ્રેણીની રહી. યુવાનીની વ્યાખ્યા બાંધતા શ્રી ગુણવંત શાહે જણાવ્યું કે : જેની વાહિયાત બાબતોને સહન કરવાની શકિત મર્યાદિત છે તે જ યુવાન છે. આંતરરાષ્ટ્રીય યુવા સંસ્કૃતિના પ્રતીક રૂપે તેમણે જીન્સના પેન્ટને પ્રતીક રૂપે વર્ણવ્યું. જીન્સનું પેન્ટ રાષ્ટ્રપતિ અને હળપતિ, માલિક અને મજૂર, અધિકારી અને સેવક, શિક્ષક અને વિદ્યાર્થી, પતિ અને પત્ની, કરોડપતિ અને રોડપતિ તમામ વચ્ચેના વર્ગભેદને મીટાવી દેનારૂં પ્રતીક છે. તેમણે યુવાનોને આંતરરાષ્ટ્રીય યુવા સંસ્કૃતિ સાથે કદમ મિલાવવા આત્મ સ્મૃતિ, આત્મ ગૌરવ અને આત્મ સન્માન થકી અલાયદી ઓળખ વિશેની જાગૃતિ-આત્મ સંકલ્પનાને ઉજાગર કરવાનું આહવાન કર્યું. જાણીતા સાહિત્યકાર, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ, વરિષ્ઠ પત્રકાર યુનિવર્સિટી ગીતના રચિયતા તથા 'સુરત મુજ ઘાયલ ભૂમિ'ના લેખક શ્રી ભગવતીકુમાર શર્માએ અતિશય મહત્ત્વાકાંક્ષા અને પ્રોદ્યોગિકીના વધુ પડતા ઉપયોગને લીધે પેદા થયેલ વિચાર શૂન્યતા યુવાનોમાં ઘર કરી રહી હોવાની વેદના વ્યકત કરી. યુવાનોમાં લુપ્ત થઈ રહેલી વાંચન ટેવ પ્રત્યે તેમના વકતવ્યમાં ભારોભાર અજંપો જોવા મળ્યો. વિદ્યાર્થી વાંચશે નહી તો નવા વિચારો કયાંથી ફૂટશે ? યુવાનોમાં રહેલી અખૂટ શકિતઓ સામાજિક ચેતના જગાડવા કામે લાગે તેવી લાગણી થકી તેમણે પ્રેરક અધ્યક્ષીય પ્રવચન આપ્યું.

ડૉ. ઋતુંભરા મહેતાએ 'ગુજરાતની અસ્મિતા-નારી સશકિતકરણ' વિશે મનનીય બૌદ્ધિક વ્યાખ્યાન રજૂ કર્યું. કેન્સર નિષ્ણાત ડૉ. રવિન્દ્રસિંહ દ્વારા તમાકુ, ગુટખા તથા તમાકુની બનાવટો કેન્સર માટે મુખ્ય કારણરૂપ હોઈ, યુવાનોને વ્યસનોથી દૂર રહેવા માટે ખુબ જ ઉપયોગી સમજણ આપી. ત્રીજા દિવસે શ્રી દિનેશ પ્રજાપતિ તથા સુરેશ પ્રજાપતિ દ્વારા હકારાત્મક અભિગમ અને વ્યકિતત્વ વિકાસ અંગે "યુવાન તુ બડા મહાન હૈ"ની ચેતના પ્રસરાવવાનું કાર્ય થયું. જૈન ભારતી યુનિવર્સિટીના કુલપતિ આદરણીયા ડૉ. સમણી મંગલપ્રજ્ઞાજી દ્વારા પ્રેરક પ્રવચન આપવામાં આવ્યું. તેમણે વિષયને રજૂ કરતાં જણાવ્યું હતું કે : "अच्छी सृष्टि या बूरी सृष्टि बनाने उपर से भगवान नहीं आता. सृष्टि संकल्प से पेदा होती है । व्यकित का जैसा विचार वैसी सृष्टि । पोजिटिव संकल्प करने से पोजिटिव सृष्टि पैदा होती है । જય વસાવડા દ્વારા 'અસ્તિત્વનો ઉત્સવ અને યુવાનો' વિષય પરત્વે જીવનના સાચા અને સરળ રસ્તા વચ્ચેની ભેદરેખા સમજાવવાનો સફળ પ્રયાસ થયો. પ્રાઈઝ વોટર કૂપર હાઉસનો રિપોર્ટ જયારે જણાવતો હોય કે : ભારતમાં વર્ષ ૨૦૩૦ પછી થનાર મૃત્યુના કારણોમાં ત્રીજા ભાગથી વધુ મૃત્યુ ચેપીરોગોના ફેલાવાથી થશે. યુવાનોમાં એઈડ્સ અંગે વિશેષ જાગૃતિ ફેલાય તે માટે ડૉ. કિશોર નાડકર્ણી તથા ડૉ. પૂર્ણિમા નાડકર્ણી દ્વારા સ્પષ્ટ પ્રયત્નો થયા. પ.પૂ. સ્વામી પરમાત્માનંદજી તથા પ.પૂ. સ્વામી નિખીલેશ્વરા નંદજીના ચારિત્ર્ય ઘડતરના પાઠો આ શિબિરનાં કાયમી સંભારણાં બન્યાં. શ્રી હર્ષદભાઈ શાહે 'ભારતનું ગૌરવ અને યુવાનો' વિષય ઉપર મનનીય પ્રવચન આપતાં રાષ્ટ્રગૌરવની સભાનતા યુવાનો કેળવે તે માટે અનુરોધ કર્યો હતો. તદ્પરાંત આપણા વિશિષ્ટ વારસાને યુવાનો જાણે તે માટે પ્રાચીન દસ્તાવેજો અને ગ્રંથોને આધારે આંકડાકીય માહિતી સહિત પ્રેરણાદાયી રસપાન કરાવ્યું.

દિવસ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓથી થાકેલા મનને પ્રફુલ્લિત કરે તેવું સંગીત, નૃત્ય, ગઝલ, કવ્વાલી, એકપાત્રીય અભિનય, નાટક, રાસ, ગરબો, મિમિક્રિ જેવી પ્રવૃત્તિઓ થકી રાત્રિના રંગમંચનો કાર્યક્રમ યુવાનોમાં પડેલી સુષુપ્ત શકિતઓને તારવીને બહાર કાઢવાનું નિમિત્ત રૂપ બની રહયો. સમગ્ર કાર્યક્રમ સ્વર્ણિમ ગુજરાતની ઊજવણીના એક ટ્રેલર જેવો બની રહયો. મહા દાનેશ્વરી કર્ણની બહેન સૂર્યપુત્રી તાપીના કિનારે વસેલા સૂર્યપુરમાં સમગ્ર કાર્યક્રમને સમાજનો આર્થિક સહયોગ ન મળે તેવું ભલા બને ખરૂં ! અપેક્ષા કરતાં અનેક ગણો વધારે સહયોગ સમાજે પૂરો પાડયો. દાતાઓની ઉદાર સખાવત માટે આભારના શબ્દો ટૂંકા પડે છે. નાણાને અભાવે સારા કામો કયારેય અટકી પડતા નથી તે વાતનો વિશ્વાસ વધારે દ્રઢ તથા સ્થિર થયો.

સૌનો આભાર !

૦૫ નવેમ્બર, ૨૦૦૯

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# સ્વર્ણિમ ગુજરાતની યુવા શિબિર

## ઉદ્‌ઘાટન સમારોહ - યુવા શિબિર



યુનિવર્સિટી સંલગ્ન રાષ્ટ્રીય સેવા યોજના સાથે સંકળાયેલ કોલેજોની વાર્ષિક ખાસ શિબિર 'સ્વર્ણિમ ગુજરાતની અસ્મિતા-યુવા શિબિર' તા. ૨૮-૧૦-૨૦૦૯થી ૩-૧૧-૨૦૦૯ દરમ્યાન યુનિવર્સિટી પરિસર ખાતે યોજાઈ ગઈ.



'સ્વર્ણિમ ગુજરાતની અસ્મિતા-યુવા શિબિર'નો ઉદ્‌ઘાટન સમારંભ તા. ૨૮-૧૦-૨૦૦૯ના રોજ સાંજે ૪.૦૦ કલાકે યુનિવર્સિટી સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ખાતે યોજાઈ ગયો. જેમાં અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ, ઉદ્‌ઘાટક તરીકે સુરત મહાનગરપાલિકાના મેયર શ્રી રણજીતભાઈ ગીલીટવાળા તથા અતિથિ વિશેષ તરીકે નવસારીના સાંસદ શ્રી સી.આર. પાટીલ, કુલસચિવશ્રી જે.આર. મહેતા, ઈ.ચા. પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડૉ. એ.એન. માલવિયા, યુનિવર્સિટી સત્તામંડળના સભ્યશ્રીઓ, કોલેજના આચાર્યશ્રીઓ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો અને ૨૮૦૦ જેટલા સ્વયંસેવકો ઉપસ્થિત રહયા હતા.



ઉદ્‌ઘાટન કાર્યક્રમની શરૂઆત એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ પ્રસ્તુત કરેલ પ્રાર્થનાથી કરવામાં આવી. કુલસચિવશ્રી જે.આર. મહેતાએ ઉપસ્થિત સૌ કોઈને આવકાર આપ્યો હતો. મંચસ્થ મહેમાનોનો પરિચય ડૉ. એસ.વાય. ખરવાસિયાએ આપ્યો. સમારંભના ઉદ્‌ઘાટક શ્રી રણજીતભાઈ ગીલીટવાળા, અતિથિ વિશેષ



શ્રી સી.આર. પાટીલ, કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ તથા કુલસચિવશ્રી જે.આર. મહેતાનો પરિચય પ્રિ. ભંડારીએ આપ્યો હતો. મંચસ્થ મહાનુભાવોને પુસ્તક અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું



હતું. જેમાં શ્રી રણજીતભાઈ ગીલીટવાળાને શ્રી દિપકભાઈ આફ્રિકાવાળા, શ્રી સી.આર. પાટીલને શ્રી દિનેશભાઈ દાસા, ડૉ. બી.એ. પ્રજાપતિને ડૉ. એ.એન. માલવિયા, શ્રી જે.આર. મહેતાને પ્રોગ્રામ ઓફિસર શ્રી ભાવસાર, ડૉ. માલવિયાને જંબુસર કોલેજના શ્રી મયંકભાઈ શાહ અને સિન્ડિકેટના સભ્યશ્રીઓને એન.એસ.એસ.




સ્વયંસેવકો દ્વારા પુસ્તકો અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. મંચસ્થ મહાનુભાવોએ દીપ પ્રાગટય કરીને શિબિરનું વિધિવત ઉદ્‌ઘાટન કર્યું હતું. પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડૉ. માલવિયાએ એન.એસ.એસ. પ્રવૃત્તિનો સંક્ષિપ્ત પરિચય આપ્યો હતો.



રાજસ્થાનના લાડનુ સ્થિત જૈન વિશ્વભારતી યુનિવર્સિટીના

કુલપતિશ્રીના પ્રતિનિધિ સમણી પ્રતિભા પ્રજ્ઞાજીએ ગુજરાતની સાચી અસ્મિતાને વર્ણવતાં જણાવ્યું હતું કે : શિક્ષણનો વ્યાપ વધ્યો હોવા છતાં પ્રેક્ષાધ્યાન અને યોગની જરૂર છે. તબીબો અને ઈજનેરો વધ્યા છે. ડૉક્ટરો વધુ ફી અને ઈજનેરની એક ભૂલનો અનેક લોકો ભોગ બને ત્યારે યોગની આવશ્યકતા રહે છે. શ્રી રણજીતભાઈ ગીલીટવાળાએ જણાવ્યું કે : સ્વર્ણિમ ગુજરાતને આવરી લઈને યુનિવર્સિટીએ જે આયોજન કર્યું છે તે અન્ય માટે માર્ગદર્શિકારૂપ છે, અને તે માટે યુનિવર્સિટી અભિનંદનને પાત્ર છે.




વધુમાં તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં શિસ્તનું પાલન કરવા માટે પણ હિમાયત કરી હતી. ગુજરાતનો વિદ્યાર્થી અન્ય વિદ્યાર્થીઓ કરતાં અલગ પડે તે માટેનું ભાથું આ શિબિરમાંથી મેળવશે તેવી આશા રાખી હતી. શ્રી સી.આર. પાટીલે કહયું કે : ભારતનું ભવિષ્ય યુવાનોના હાથમાં છે. અને આ જવાબદારી લેવા માટે યુવાનોને આહ્‌વાન કર્યું હતું. આજે યુવાનો માટે શિક્ષણની ઉત્તમ તકો ઉપલબ્ધ છે તેનો ઉપયોગ કરવો જોઈએ. કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં જણાવ્યું કે : સૌ પ્રથમ વખત આ પ્રકારનું આયોજન



યુનિવર્સિટી કક્ષાએ થયું છે. ગુજરાતની અસ્મિતાના પ્રતીક રૂપે આપણે સૌ ભેગા થયા છીએ. ગુજરાતની અસ્મિતા પ્રકાંડ પંડિત કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય સુરિની કલ્પનામાં પ્રગટ થઈ હતી જેમ બ્રહમાના માનસમાંથી સરસ્વતી પ્રગટી હતી તેમ. અસ્મિતા પુનઃ સુરતના લાલ વીર નર્મદની કલમે 'જય જય ગરવી ગુજરાત, દીપે અરુણું પરભાત'ના રૂપે ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં ઉતરી હતી. ભરૂચના કનૈયાલાલ મુનશીએ અસ્મિતા શબ્દ યોગસૂત્રમાંથી ખેંચી લાવ્યા હતા અને તેમની નવલકથાઓમાં ગુજરાતની 'અસ્મિતા'ને આગળ વધારી હતી. સ્વર્ણિમ ગુજરાતના આ વર્ષમાં કનૈયાલાલ



મુનશીએ વ્યકત કરેલી ગુજરાતની અસ્મિતાને નવજીવન આપીએ. મુનશીએ કહયું છે કે, ગુજરાત એ માત્ર પ્રાંત કે જન સમુદાય નથી, માત્ર સાંસ્કારિક વ્યકિત નથી; એ તો પેઢીધર ગુજરાતીઓએ સંકલ્પપૂર્વક સેવેલી, પેઢીએ પેઢીએ નવી સિધ્ધિ પામતી, સામુદાયિક ઈચ્છાશકિતએ સબળ બનેલી જીવન ભાવના છે. એ ભાવનાનું તીવ્ર ગાન તે ગુજરાતની અસ્મિતા. આપણા ગુજરાતી કવિ પારસી બંધુ ખબરદારે ગાયું છે કે :

જયાં જયાં ગુજરાતી બોલી, ત્યાં ત્યાં ગૂજરીની મ્હોલાત
જયાં જયાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદા ગુજરાત.



વિશ્વ સપાટ થઈ રહયું છે ત્યારે આપણે આપણી અસ્મિતાને ભૂલવી જોઈએ નહીં, તેની સાચવણી થાય, માવજત થાય અને તેને આપણે આગળ ધપાવીએ. વીર પુરુષ નર્મદના નામને સાર્થક કરવા કાર્ય કરીએ. કાર્યક્રમનું સંચાલન આર્ટસ-કોમર્સ કોલેજ, વ્યારાના પ્રિ. ડૉ. એચ.વાય. ખરવાસિયાએ કર્યું હતું અને આભારવિધિ ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકસના પ્રોફે. એન્ડ હેડ. ડૉ. કે.સી. પોરીયાએ કર્યું હતું.

## યોગાસન-પ્રેક્ષાધ્યાન-શ્રમકાર્ય



૧. સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત.

આ કોલેજના સ્વયંસેવકોએ યુનિવર્સિટીના હયુમીનીટીસ ભવનની બાજુમાં શ્રમકાર્ય કર્યું. કોલેજ તરફથી સ્વયંસેવકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સમૂહગીત અને એકલગીત પ્રસ્તુત કર્યું હતું.

૨. એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત.

આ કોલેજના કુલ ૬૩ સ્વયંસેવકો ઉપસ્થિત રહયા હતા. જેમાં ૩૦ ભાઈઓ અને ૩૩ બહેનોનો સમાવેશ થાય છે. આ કોલેજના સ્વયંસેવકોએ સી.આર.સી. કોમ્પલેક્ષની બાજુમાં અને પાછળ શ્રમકાર્ય કર્યું. કોલેજના પાંચ વિદ્યાર્થીઓએ રકતદાન કર્યું. તા. ૨૯-૧૦-૨૦૦૯ના રોજ સ્વયંસેવકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં નૃત્યો, સમૂહગીત, નાટક અને દેશભકિત ગીતો પ્રસ્તુત કર્યા હતા. કોલેજની મીનલ પટેલે ગણેશ વંદના નૃત્ય પ્રસ્તુત કર્યું. વૃષ્ટિ સંઘવીએ 'સ્ત્રી ભ્રૂણ હત્યા' વિશે હૃદયસ્પર્શી એકપાત્રીય અભિનય રજૂ કર્યો હતો. શ્રીચંદ ગઢવીએ લોકસાહિત્ય પ્રસ્તુત કર્યું હતું.

૩. સર. કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત.

પ્રિ. ડૉ. યુ.ટી. દેસાઈ, ચાર પ્રોગ્રામ ઓફિસર અને ૮૬ સ્વયંસેવકો ઉપસ્થિત રહયા હતા. સ્વયંસેવકોએ યુનિવર્સિટી સાયન્સ ઈન્સ્ટ્રુમેન્ટ સેન્ટરમાં શ્રમકાર્ય તેમજ વૃક્ષારોપણ કર્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્વયંસેવકોએ દેશભકિત ગીતો પ્રસ્તુત કર્યાં હતા.



૪. શેઠ સી.ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.

આ કોલેજના ૬૩ સ્વયંસેવકોએ ભાગ લીધો. સ્વયંસેવકોએ સિક્યુરિટી ઓફિસથી ગ્રંથાલય ભવન સુધી શ્રમકાર્ય કર્યું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્વયંસેવકોએ કૃતિ રજૂ કરી હતી. શ્રમકાર્ય દરમ્યાન સ્વયંસેવકોએ ઘાયલ બગલાની સેવા કરી હતી જેની નેચર કલબના મિત્રોએ નોંધ લીધી હતી.

૫. એસ.પી.બી. ઈંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત.

આ કોલેજના સ્વયંસેવકોએ રૂરલ સ્ટડીઝ ડિપાર્ટમેન્ટની આજુબાજુ શ્રમકાર્ય કર્યું હતું. સ્વયંસેવકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં કૃતિઓ રજૂ કરી હતી.



૬. નવયુગ સાયન્સ કોલેજ, રાંદેર રોડ, સુરત.

આ કોલેજના ૪૭ સ્વયંસેવકો ઉપસ્થિત રહયા હતા. જેમાં ૩૫ વિદ્યાર્થીઓ અને ૧૨ વિદ્યાર્થિનીઓ હતી. આ સ્વયંસેવકોએ કમ્પ્યૂટર સાયન્સ ભવનની આગળથી શરૂ કરીને યુવા શિબિરના મુખ્ય પંડાલ સુધી રોડની બંને બાજુએ રસાયણશાસ્ત્ર ભવન તથા એમ.એચ.આર.ડી. વિભાગના માર્ગ ઉપર શ્રમકાર્ય કર્યું હતું.

૭. નવયુગ આર્ટસ કોલેજ, સુરત

આ કોલેજના કુલ ૨૭ સ્વયંસેવકોએ એમ.એસસી. (આઈ.ટી.)નું પરિસર તથા યુનિવર્સિટી પરિસરના મુખ્ય માર્ગ ઉપર શ્રમકાર્ય કર્યું. તદ્‌પરાંત ૦૪ વિદ્યાર્થીઓએ રકતદાન કર્યું હતું.



૮. અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વેડ રોડ, સુરત.

આ કોલેજના કુલ ૨૬ વિદ્યાર્થીઓએ સ્વયંસેવકો તરીકે ભાગ લીધો. રસોડું, રકતદાન શિબિર તથા રિસર્ચ હોસ્ટેલમાં શ્રમકાર્ય કર્યું.





૯. શ્રી જે.બી.ડી. મહિલા આર્ટસ કોલેજ, વરાછા રોડ, સુરત

આ કોલેજની સ્વયંસેવિકાઓએ મધ્યસ્થ ગ્રંથાલયની બહાર જમણી બાજુએ, મધ્યસ્થ ગ્રંથાલય, રેસ્ટ હાઉસ તથા વહીવટી ભવનની સામે આવેલા વૃક્ષોનું રંગરોગાન તથા સફાઈ કરી હતી.

૧૦. આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવડ

આ કોલેજના ૨૦ જેટલા સ્વયંસેવકોએ ભાગ લઈ એમ.એસસી. (આઈ.ટી.) તથા નર્મદ ભવનમાં શ્રમકાર્ય કર્યું હતું.



૧૧. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવડ

આ કોલેજના કુલ ૭૧ સ્વયંસેવકો દ્વારા એમ.સી.એ. ભવનમાં શ્રમકાર્ય કરવામાં આવ્યું હતું. પ્રો. ઓફિસર પ્રા. વી.એન. પટેલે તા. ૩૦-૯-૨૦૦૯ના રોજ ઉદ્‌ઘોષક તરીકે કાર્ય કર્યું. સ્વયંસેવકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં કવ્વાલી તેમજ મોનો એકટીંગ રજૂ થયું.

૧૨. જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

આ કોલેજના સ્વયંસેવકોએ સમાજવિદ્યા ભવનની આજુબાજુ શ્રમકાર્ય કર્યું હતું. તદ્‌પરાંત વિદ્યાર્થીઓએ વૃક્ષોને ગેરૂ અને ચૂનો લગાવ્યો હતો. પ્રિ. ડૉ. કે.એન. ચાવડા સમગ્ર શિબિર દરમ્યાન ઉપસ્થિત રહયા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્વયંસેવકોએ 'મોબાઈલ બાપુ' નાટક ભજવ્યું હતું. ૧૪ વિદ્યાર્થિનીઓએ રકતદાન શિબિરમાં સેવા આપી હતી.

૧૩. ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ, બારડોલી

આ કોલેજના ૪૩ સ્વયંસેવકો ઉપસ્થિત રહયા હતા. આ સ્વયંસેવકોએ પત્રકારત્વ ભવનની આજુ-બાજુ શ્રમકાર્ય કર્યું હતું. શિબિરાર્થી ખુશ્બુ ડી. શાહ અને ભાવીની કે. ધીમરે સાંસ્કૃતિક કાર્યક્રમમાં મિમિક્રિ રજૂ કરી હતી.

૧૪. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બારડોલી

આ કોલેજના સ્વયંસેવકોએ એમ.એચ.આર.ડી. ભવનના પાછળના ભાગમાં શ્રમકાર્ય કર્યું હતું. તદ્‌પરાંત રસોડાની કામગીરી પણ સંભાળી હતી.

૧૫. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા

આ કોલેજના સ્વયંસેવકોએ તા. ૨૭-૧૦-૨૦૦૯ના રોજ યુનિવર્સિટીના વહીવટી ભવન, બોયઝ હોસ્ટેલ નં.૧નો આગળનો ભાગ, 'ગિરનાર' હોસ્ટેલના આગળનો ભાગ, 'સાતપુડા' હોસ્ટેલનો આગળનો અને અંદરનો ભાગ તથા હેલ્થ સેન્ટરના આગળના ભાગમાં શ્રમકાર્ય કર્યું તથા રસોડાની કામગીરીમાં પણ મદદ કરી હતી. સ્વયંસેવકોએ ડાંગી નૃત્ય, કાવડા નૃત્ય, અને અભિનય પ્રસ્તુત કર્યો.



૧૬. બી.બી. અવિચળ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી

આ કોલેજના સ્વયંસેવકોએ કુલપતિશ્રીના નિવાસસ્થાનથી ગર્લ્સ હોસ્ટેલ 'તાપી'માં શ્રમકાર્ય કર્યું હતું. સ્વયંસેવકશ્રી દિપેશકુમાર જે. ચૌધરી, ગણેશકુમાર પી. ખેડવન તથા પ્રકાશકુમાર એમ. રાવતે રકતદાન કર્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્વયંસેવકોએ ભરત નાટયમ- વંદે માતરમ્, રાજસ્થાની લોકનૃત્ય તથ દેશભકિત ગીતોની શાનદાર રજૂઆત કરી હતી.

૧૭. શ્રી એસ.જી. પટેલ આર્ટસ એન્ડ શ્રી પી.કે. દેસાઈ કોમર્સ કોલેજ, નિઝર.

આ કોલેજના સ્વયંસેવકોએ ડાયમંડ જયુબિલિ હોસ્ટેલના પરિસરમાં શ્રમકાર્ય કર્યું હતું. સ્વયંસેવકશ્રી પ્રશાંત પી. પટેલ, મહેન્દ્રભાઈ કે. રામોચા, રૂપેશભાઈ એસ. કુંભાર, મહેન્દ્રસિંગ પ્રેમકુમાર અને ગોપાલ જે. ઠાકોરે રકતદાન કર્યું હતું.

૧૮. સરકારી વિજ્ઞાન કોલેજ, વાલોડ

આ કોલેજના સ્વયંસેવકોએ તેમની નિર્ધારિત જગ્યાએ શ્રમકાર્ય કર્યું હતું. સ્વયંસેવકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં કૃતિઓ પ્રસ્તુત કરી હતી.



૧૯. શ્રી મોરારજી દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બુહારી.

આ કોલેજના સ્વયંસેવકોએ ગર્લ્સ હોસ્ટેલ 'અંબિકા તથા નર્મદ ભવન'ના પરિસરમાં શ્રમકાર્ય કર્યું હતું. સ્વયંસેવકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગામીત નૃત્ય અને મૂક અભિનય પ્રસ્તુત કર્યો હતો.

૨૦. સરકારી વિનયન અને વાણિજય કોલેજ, સોનગઢ.

આ કોલેજના સ્વયંસેવકોએ સ્પોર્ટસ કોમ્પલેક્ષની આજુબાજુ શ્રમકાર્ય કર્યું હતું. ઈન્દ્રજીત બી. ગામીત અને અન્ય પાંચ વિદ્યાર્થીઓએ રકતદાન કર્યું હતું. સ્વયંસેવકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં આદિવાસી નૃત્ય પ્રસ્તુત કર્યું હતું.

૨૧. સરકારી વિનયન અને વાણિજય કોલેજ, કરચેલીયા

આ કોલેજના ૧૭ વિદ્યાર્થીઓ અને ૧૪ વિદ્યાર્થિનીઓ સ્વયંસેવક તરીકે શિબિરમાં ઉપસ્થિત રહયા હતા. સ્વયંસેવકોએ નર્મદ ભવન, પરીક્ષા ભવન અને વહીવટી ભવનની પાછળના ભાગમાં શ્રમકાર્ય કર્યું હતું. સ્વયંસેવકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં કોથળા નૃત્ય પ્રસ્તુત કર્યું હતું.

૨૨. શ્રી જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ

આ કોલેજના ૩૨ વિદ્યાર્થીઓ અને ૧૦ વિદ્યાર્થીઓ સ્વયંસેવક તરીકે શિબિરમાં ઉપસ્થિત રહયા હતા. સ્વયંસેવકોએ સહયાદ્રી હોસ્ટેલ, પરીક્ષા અને વહીવટી ભવનની આજુબાજુ શ્રમકાર્ય કર્યું હતું. ૨૨ સ્વયંસેવકોએ રકતદાન કર્યું હતું. સ્વયંસેવકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં કન્યા કેળવણી, લોકસાહિત્ય, સાક્ષરતા અભિયાન, ભજન, નૃત્ય અને એકપાત્રીય અભિનયની કૃતિઓ રજૂ કરી હતી.

૨૩. એમ.કે. કોમર્સ કોલેજ, ભરૂચ

આ કોલેજના ૧૬ વિદ્યાર્થીઓ અને ૦૬ વિદ્યાર્થિનીઓએ સ્વયંસેવક તરીકે ગર્લ્સ હોસ્ટેલ 'નર્મદા' પરિસરમાં શ્રમકાર્ય કર્યું.



૨૪. નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વર

આ કોલેજના ૧૭ વિદ્યાર્થીઓ અને ૦૨ વિદ્યાર્થિનીઓએ સ્વયંસેવક તરીકે શ્રમકાર્ય કર્યું હતું.

૨૫. શ્રીમતી કુસુમબેન કડકીયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વર.

આ કોલેજના ૧૨ વિદ્યાર્થીઓ અને ૧૦ વિદ્યાર્થિનીઓએ ગર્લ્સ હોસ્ટેલ 'પૂર્ણા' ની સામે આવેલા મેદાન ઉપર શ્રમકાર્ય કર્યું. પ્રોગ્રામ ઓફિસરશ્રી તથા સ્વયંસેવકાએ રકતદાન કરી ૩ બોટલ એકત્રિત કરી હતી.

૨૬. જે.એમ.શાહ કોલેજ, જંબુસર

આ કોલેજના સ્વયંસેવકોએ કુલપતિશ્રીના નિવાસ સ્થાન તથા ગેસ્ટ હાઉસની આજુબાજુ શ્રમકાર્ય કર્યું હતું. પ્રોગ્રામ ઓફિસરશ્રી એમ.કે. શાહ, સ્વયંસેવકશ્રી સતીશ એ. સોલંકી, કિરણ બી. પરમાર, મહેન્દ્ર કે. ઠાકોર, રત્નસિંહ એમ. પરમાર, જિગર આર. પટેલ, વી.એચ. ભિલાલા તથા વિજય બી. મહિડાએ રકતદાન કર્યું હતું.

૨૭. શ્રી નવચેતન મહિલા આર્ટસ કોલેજ, વાલિયા

આ કોલેજના સ્વયંસેવકોએ શ્રમકાર્ય કર્યું હતું.



૨૮. શ્રી રત્નસિંહજી મહિડા કોમર્સ કોલેજ, રાજપીપળા

આ કોલેજના સ્વયંસેવકોએ યુનિવર્સિટીના મુખ્ય પ્રવેશદ્વાર નંબર-૧ થી ૨ સુધી શ્રમકાર્ય કર્યું હતું. ૬ સ્વયંસેવકોએ રકતદાન કર્યું હતું.

૨૯. સરકારી વિનયન અને વાણિજય કોલેજ, નેત્રંગ

આ કોલેજના સ્વયંસેવકોએ તેમને સોંપવામાં આવેલ નિર્ધારિત સ્થળે શ્રમકાર્ય કર્યું હતું.

૩૦. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સરભાણ

કોલેજના ૪૪ વિદ્યાર્થીઓ તથા ૧૧ વિદ્યાર્થિનીઓએ નોન ટીચીંગ કવાર્ટર્સની આજુબાજુ અને રસ્તા ઉપર શ્રમકાર્ય કર્યું હતું. તદ્પરાંત સ્વયંસેવકશ્રી રાજેન્દ્ર ડી. વસાવા, મહેન્દ્ર ઓ. વસાવા, ઠાકોરભાઈ આર. વસાવા, જયેન્દ્રસિંહ એમ. પઢિયાર, રીન્કેશ એમ. પટેલ, જિઆદ ઈ. પટેલ, મિલન એન. પટેલ અને જાવેદ ઈ. પટેલે રકતદાન કર્યું.

૩૧. એસ.બી. ગાર્ડા કોલેજ, નવસારી

આ કોલેજના ૩૦ વિદ્યાર્થીઓ તથા ૧૮ વિદ્યાર્થિનીઓએ બોયઝ હોસ્ટેલ 'શેત્રુંજય'ના આગળ ભાગમાં શ્રમકાર્ય કર્યું. સ્વયંસેવકશ્રી પી.એસ. નારોલકર, તેજસ જી. પટેલ, અર્પણ એમ. ઉપાધ્યાય અને મનોજ એ. પટેલે રકતદાન કર્યું હતું.

૩૨. બી.પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટયૂટ, નવસારી.

આ કોલેજના ૩૯ વિદ્યાર્થીઓ અને ૧૮ વિદ્યાર્થિનીઓએ ટીચર્સ કવાર્ટસની પશ્ચિમ તથા દક્ષિણ દિશા તરફ શ્રમકાર્ય કર્યું હતું.

૩૩. શ્રી એમ.આર.ડી. આર્ટસ એન્ડ ઈ.ઈ.કે. કોમર્સ કોલેજ, ચીખલી

આ કોલેજના સ્વયંસેવકોએ યુનિવર્સિટી ગેટની પાસેના માર્ગની આસપાસ શ્રમકાર્ય કર્યું.

૩૪. એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા

આ કોલેજના ૩૨ વિદ્યાર્થીઓ અને ૭ વિદ્યાર્થિનીઓએ પ્રોફેસર્સ કવાર્ટર્સ ૧ થી ૫ ના પરિસરના અંદરના ભાગમાં શ્રમકાર્ય કર્યું હતું. રકતદાન શિબિરમાં ૧૩ સ્વયંસેવકોએ રકતદાન કર્યું હતું.

૩૫. વી.એસ. પટેલ કોલેજ, બીલીમોરા

આ કોલેજના ૨૬ વિદ્યાર્થીઓ અને ૨૭ વિદ્યાર્થિનીઓએ એમ.એસ.સી.આઈ.ટી. ભવનના પરિસરમાં શ્રમકાર્ય કર્યું હતું. સ્વયંસેવકશ્રી અંકિત પટેલ, કલ્પેશ પટેલ અને રાહુલ ગાંધીએ રકતદાન કર્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્વયંસેવકોએ 'શહાદત' ઉપર કૃતિ રજૂ કરી હતી.

૩૬. જે.પી. પારડીવાળા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લાપારડી.

આ કોલેજના સ્વયંસેવકોએ યુનિવર્સિટીના મુખ્ય દરવાજાની બાજુમાં તથા વહીવટી ભવનની બાજુમાં શ્રમકાર્ય કર્યું હતું.

૩૭. શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ

આ કોલેજના સ્વયંસેવકોએ નિર્ધારિત સ્થળે શ્રમકાર્ય કર્યું. સ્વયંસેવકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં કૃતિઓ રજૂ કરી હતી.

૩૮. શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ

આ કોલેજના સ્વયંસેવકોએ શિક્ષણ ભવનની જમણી તરફના પ્લોટ તથા હયુમિનિટી ભવનના પાછળ ભાગમાં શ્રમકાર્ય કર્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્વયંસેવકોએ 'જય હો ગીત', મોનો એકટીંગ અને અન્ય કોલેજના સ્વયંસેવકો સાથે કૃતિઓ રજૂ કરી હતી.

૩૯. બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડ

આ કોલેજના સ્વયંસેવકોએ ડે-કેર ભવનની આજુબાજુ શ્રમકાર્ય કર્યું હતું.

૪૦. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મેટાપોંઢા

આ કોલેજના સ્વયંસેવકોએ યુનિવર્સિટી પરિસરમાં અલગ-અલગ જગ્યાએ શ્રમકાર્ય કર્યું હતું.

૪૧. શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર

આ કોલેજના ૫૪ વિદ્યાર્થીઓ અને ૧૭ વિદ્યાર્થિનીઓએ રસાયણશાસ્ત્ર ભવન, રાષ્ટ્રીય સેવા યોજનાની કચેરીની આજુબાજુ તથા પરીક્ષા વિભાગની આજુબાજુ શ્રમકાર્ય કર્યું હતું.



૪૨. રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપી

આ કોલેજના ૩૦ વિદ્યાર્થીઓ તથા ૧૫ વિદ્યાર્થિનીઓએ એકવાટીક બાયોલોજી વિભાગના પાછળના ભાગમાં તથા કેન્ટીનના પાછળના ભાગમાં શ્રમકાર્ય કર્યું અને વૃક્ષોએ રંગવાનું પણ કાર્ય કર્યું.

૪૩. સરકારી વિનયન કોલેજ, વાંસદા

આ કોલેજના ૨૫ વિદ્યાર્થીઓ તથા ૨૧ વિદ્યાર્થિનીઓએ સાયન્સ ભવનની આજુબાજુના વિસ્તારમાં શ્રમકાર્ય કર્યું હતું.

૪૪. સરકારી વિનયન અને વાણિજય કોલેજ, ખેરગામ

આ કોલેજના ૧૮ વિદ્યાર્થીઓ અને ૧૬ વિદ્યાર્થિનીઓએ બોયઝ હોસ્ટેલ 'પાવાગઢ'ની પાછળના ભાગમાં શ્રમકાર્ય કર્યું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્વયંસેવકોએ 'બેદરકારી' નાટકની રજૂઆત કરી હતી.

૪૫. સરકારી વિનયન અને વાણિજય કોલેજ, સરીગામ

આ કોલેજના ૯ વિદ્યાર્થીઓ તથા ૨૨ વિદ્યાર્થિનીઓએ કુલપતિશ્રીના નિવાસસ્થાનની આજુબાજુ શ્રમકાર્ય કર્યું હતું. સ્વયંસેવકશ્રી રસિકભાઈ આર. ઘોડી, જયદીપસિંહ એમ. ચાવડા, દિક્ષિત ડી.કે. તથા પ્રો.ઓ. શ્રી મનોજભાઈ એલ. પ્રજાપતિએ રકતદાન કર્યું હતું.

૪૬. સરકારી વિનયન અને વાણિજય કોલેજ, આહવા-ડાંગ

આ કોલેજના સ્વયંસેવકોએ લેડીઝ ટીચર્સ કવાર્ટર્સની આજુબાજુ, કેન્ટીન અને એન.એસ.એસ. કચેરીની આજુબાજુ શ્રમકાર્ય કર્યું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્વયંસેવકોએ ડુંગરદેવના 'ભાયા' નૃત્ય રજૂ કર્યું હતું.

૪૭. શ્રી ઈશ્વરભાઈ કે. ચાવડા ગ્રામ વિદ્યાપીઠ, કહાનવાડી

આ કોલેજના સ્વયંસેવકોએ ગેસ્ટ હાઉસના દરવાજાથી કુલપતિશ્રીના નિવાસસ્થાન સુધીના રસ્તાની આજુબાજુ એમ.આર.એસ. વિભાગના પાર્કીંગ વ્યવસ્થાની આજુબાજુ શ્રમકાર્ય કર્યું. સ્વયંસેવકશ્રી સીધાભાઈ ડી. ભરવાડ, કલ્પેશભાઈ એમ. પરમાર, રોનક કે. ઉપાધ્યાય, હાર્દિક કે. પટેલ, કેતુલ ટી. વાળંદ, મહેશ ડી. ઠાકરે અને મૌલિક આર. કછીયાએ રકતદાન કર્યું.

૪૮. નૂતન ગ્રામ વિદ્યાપીઠ, થવા

આ કોલેજના ૨૩ વિદ્યાર્થીઓ તથા ૨૨ વિદ્યાર્થિનીઓએ ગર્લ્સ હોસ્ટેલથી ગેસ્ટહાઉસ, એમ.આર.એસ. ભવન, કુલસચિવશ્રીના નિવાસસ્થાન પાસેના માર્ગની આજુબાજુ, લેડીસ ટીચર્સ કવાર્ટર્સ ૧૧ થી ૧૪ની આજુબાજુ શ્રમકાર્ય કરેલ છે. સ્વયંસેવિકાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેશભકિત ગીત રજૂ કર્યું.

૪૯. વનસેવા મહાવિદ્યાલય, બીલપુડી

આ કોલેજના ૩૬ સ્વયંસેવકોએ એમ.સી.એ. ભવનથી એમ.આર.એસ. ભવન સુધીના માર્ગની આજુબાજુ શ્રમકાર્ય કર્યું. ૮ સ્વયંસેવકોએ ૮ બોટલ રકતદાન કર્યું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ નૃત્ય તેમજ વિદ્યાર્થિનીઓએ દેશભકિત ગીત રજૂ કર્યું હતું.

૫૦. સરકારી વિનયન કોલેજ, ડેડીયાપાડા

આ કોલેજના સ્વયંસેવકોએ કેન્ટિનના આગળના ભાગમાં શ્રમકાર્ય કર્યું.

૫૧. સરકારી વિજ્ઞાન કોલેજ, ચીખલી

આ કોલેજના સ્વયંસેવકોએ તેમને સોંપવામાં આવેલ નિર્ધારિત જગ્યાએ શ્રમકાર્ય કર્યું.

૫૨. ઉધના સિટીઝન કો.ઓપ. બેન્ક કોમર્સ કોલેજ, સુરત

આ કોલેજના સ્વયંસેવકોએ 'નર્મદા' ગર્લ્સ હોસ્ટેલની બંને બાજુ, 'તાપી' ગર્લ્સ હોસ્ટેલનો પાછળના ભાગમાં શ્રમકાર્ય કર્યું હતું.

૫૩. વી.એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ, અમરોલી

આ કોલેજના સ્વયંસેવકોએ નર્મદ ભવનની પાછળ અને સ્ટેજ એરેજમેન્ટમાં શ્રમકાર્ય કર્યું.

# બૌધ્ધિક કાર્યક્રમ

## ૨૯-૧૦-૨૦૦૯



બીજા દિવસે ગુરૂવારના રોજ સવારે ૬.૦૦ વાગ્યે યોગા અને પ્રેક્ષાધ્યાનની શરૂઆત થઈ હતી. ૯ વાગ્યે શ્રમ કાર્ય, રકતદાન અને બપોરના કાર્યક્રમમાં પ્રખ્યાત અને વરિષ્ઠ પત્રકાર શ્રી ભગવતીકુમાર શર્મા તથા કટાર લેખક શ્રી ગુણવંતભાઈ શાહે આંતરરાષ્ટ્રીય યુવા સંસ્કૃતિ પર પ્રકાશ પાડયો હતો.

બીજા દિવસે વહેલી સવારે વિવિધ કોલેજના સ્વયંસેવકો ૬.૦૦ વાગ્યે પ્રભાતફેરી ફરીને યોગા શેષન માટે ભેગા થયા હતા. જેમાં કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ ઉપસ્થિત રહીને સ્વયંસેવકોના ઉત્સાહમાં વધારો કર્યો. યોગા કરાવવા માટે માનનીયા ડૉ. પ્રતિભા પ્રજ્ઞાજીએ સવારની ગુલાબી ઠંડીમાં સ્વયં સેવકોને યોગા કરવાના વિવિધ ફાયદાઓ જણાવી એક પછી એક એવા તાડાસાન, ત્રિકોણાસન, પદ હસ્તાસન અને વૃક્ષાસન જેવા યોગ કરાવીને સ્વયં સેવકોને પ્રસન્ન કરી દીધા હતા. તેઓએ યોગ વિશે માહિતી આપતા કહયું કે, યોગ કરવાથી શરીરના આંતરીક અને બાહય રોગો મટી શકે છે. તદ્ઉપરાંત સાઉન્ડ થેરાપી, મોંની કસરત, પ્રાણાયામ અને મુદ્રા તથા એકાગ્રતામાં વધારો થાય એવી કસરતો કરાવી હતી. વધુમાં જણાવ્યું કે, આસન એ પ્રકૃતિ સાથે સંકળાયેલ છે. યોગા કરતી વખતે શરીરે એક પછી એક અનુકૂળતા સાધવી જોઈએ. તેમણે સંકલ્પ કરાવ્યો હતો કે, હું ભારતીય છું મારા કણ કણમાં ભારતીયતાનું સિંચન થઈ રહયું છે. 'પોતાને સમજશો તો જગને સમજી શકશો' ની ભાવના વ્યકત કરી હતી.

સમાજ વિજ્ઞાન ભવનમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વયંસેવકોએ બ્લડ આપીને રાષ્ટ્રભાવના પ્રગટ કરી હતી. શ્રમ શિબિરના સમય દરમ્યાન વિવિધ સ્વયંસેવકોએ કેમ્પસ તેમજ ગર્લ્સ હોસ્ટેલમાં શ્રમ કાર્ય કર્યું હતું.

શ્રી ગુણવંત છો. શાહે આંતરરાષ્ટ્રીય યુવા સંસ્કૃતિ વિશે બોલતા 'જીન્સ પેન્ટને ઈન્ટરનેશનલ યુથ કલ્ચર'નું પ્રતીક ગણાવી તેની વ્યાખ્યા આપતા જણાવ્યું કે, 'થીંગડા વાળું, છુછા નીકળેલી પેન્ટ એટલે જીન્સ' જેની વિશેષતા એ છે કે, શેઠીયા-વેઠીયા, હજુર-મજુર, રાષ્ટ્રપતિ-હળપતિ વચ્ચેના સેતુ સમાન ગણાવી હતી. યુવાનોને ત્રણ અનુક્રમે આત્મ સન્માન, આત્મ ગૌરવ અને આત્મ સમર્થતા ઉપર વિસ્તૃત સમજ આપીને યુવાનોને સાચા યુવાન બનવા માટે હાકલ કરી હતી. દરેક શહેરમાં યુવક-યુવતી પ્રવેશી શકે તેવાજ ઉધાન બનાવવાની ઈચ્છાની સાથે તેમનામાં રહેલી પ્રેમ પ્રત્યેની ઉચ્ચ ભાવના દર્શાવી હતી. તેમણે ડેટીંગ શબ્દ એ અમેરિકા, યુરોપ કે અન્ય દેશનો નહીં પરંતુ પણ તે હિંદુસ્તાનમાંથી ઉદ્ભવેલો છે. સમાજ ઉપર કટાક્ષ કરતા કહયું કે, જે સમાજ પ્રેમને ગુનો ગણે છે, તેમણે ગુનાને પ્રેમ કરવો પડે છે.'

આજના કાર્યક્રમમાં પ્રમુખીય વકતા, કવિ અને લેખક એવા ડૉ. ભગવતીકુમાર શર્માએ આજની શૈક્ષણિક પ્રવૃત્તિઓ ઉપર વ્યાખ્યાન આપતા કહયું કે, 'આજના શિક્ષણની સ્પર્ધાઓ કૃત્રિમ બની ગઈ છે.' મહત્વકાંક્ષાને પાર પાડવા માટે યુવાનોને ઈન્જેકશન આપીએ છીએ, તે ઘણું જ ખોટું છે. ટયુશનિયા શિક્ષણના કારણે વિદ્યાર્થીઓ યંત્રમય બની ગયા છે. તેમની વિચાર શકિત, કંઠસ્થ કરવાની શકિતમાં ઘટાડો થવા માંડયો છે. ટોપ ટેનની પ્રથા જાય એ માટે આનંદ વ્યકત કર્યો હતો. આજે વાંચનની જગ્યા ઉપકરણોની જટા જાળે લીધી હોય લોકોની વિચાર શકિતમાં ઉણપ જોવા મળી રહી છે. જે દુ:ખદ બાબત છે. તેમણે યુવાનોને સંકટમાંથી બહાર નિકળવાનો માર્ગ કાઢવા, પુસ્તકોના વાંચન પર વધુ ભાર મુકયો હતો. મહેમાનોની પરિચય વિધિ ચૈતન્ય દેસાઈ, આભાર વિધિ ચપટવાલાએ તેમજ કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. મહેન્દ્ર ત્રિવેદીએ કર્યું હતું.

## ૩૦-૧૦-૨૦૦૯



ત્રીજા દિવસે શુક્રવારના રોજ ૬.૩૦ વાગ્યે યોગા અને પ્રેક્ષાધ્યાનથી શરૂઆત થઈ હતી. આગલા દિવસની રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્વયંસેવકોએ ભાગ લઈ રંગમચ ને રંગમય બનાવી દીધો હતો. આજે ૯.૦૦ વાગ્યે શ્રમકાર્ય અને રકતદાન કરવામાં આવ્યું હતું. બપોરના કાર્યક્રમમાં મુખ્ય વકતા મનોચિકિત્સક ડૉ. ઋતુંભરા મહેતા, એ 'ગુજરાતની અસ્મિતા નારી સશકિતકરણ' પર, કુલપતિશ્રી બી.એ. પ્રજાપતિએ, 'જીવનની સફળતા' પર તથા ઑંકોલોજીસ્ટ ડૉ. રવિરાજ સિંહ રાજે 'કેન્સર જાગૃતિ' પર વ્યાખ્યાન આપ્યું હતું.

સ્વયંસેવકોએ ભજન સાથે પ્રભાત ફેરી કરી હતી. આચાર્ય શ્રી પ્રજ્ઞામહારાજના શિષ્ય સમણી શ્રી પ્રતિભા પ્રજ્ઞાજીએ યોગાની શરૂઆત મંગલ ભાવનાથી કરી હતી. આજના દિને બે નવા યોગાસનો શર્શકાસન અને તિતલી આસન કરાવી, શર્શકાસન એ મગજના રકત સંચાર, એડ્રિનાલીનનો સ્ત્રાણ ઉત્પન્ન કરવા માટે રામબાણ ઈલાજ છે. વિધાર્થીઓના પર્સનાલીટી ડેવલપમેન્ટ માટે પણ મહત્વનું છે. એ વિશેની માહિતી આપી હતી.

"હમ પંછી ઉડનેવાલે તુમકો પાઠ પઢાયે
કભી ન રુકના કભી ન ઝુકના, યે સંદેશ સુનાયે"...

ગીત પંકિતએ આકાશ આંબવાની દિશામાં પ્રયાણ કરવા સ્વયંસેવકોનો ઉત્સાહ વધાર્યો હતો.

સમાજ વિજ્ઞાન ભવનમાં એન.એસ.એસ. અને સુરત, રકતદાન કેન્દ્ર એન્ડ રિસર્ચ સેન્ટરના સંયુકત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાત કોલેજોએ ભાગ લીધો હતો. કુલપતિશ્રી બી.એ. પ્રજાપતિ અને કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતાની શ્રમકાર્ય દરમ્યાન યુનિ. પ્રાંગણ અને હોસ્ટેલની મુલાકાતથી સ્વયંસેવકોમાં શ્રમકાર્ય કરવાનો ઉત્સાહ બેવડાઈ ગયો હતો. કુલસચિવશ્રીએ સ્વયંસેવકોને શ્રમકાર્ય ધીરજ અને કાળજીપૂર્વક કરવા કહયું હતું.

કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ કાર્યક્રમ આગળ વધારતાં વ્યકિતનાં જીવનમાં સફળતા પર બે શબ્દો કહયા "કોઈ પણ વ્યકિત જીવનમાં સફળ થાય, હયાત ન હોય તો પણ હયાતી દરમ્યાન છાપ છોડી જાય તે વ્યકિતનું જીવન સફળ ગણાય. તેમણે સ્ટીફન કોવીની બુક 'સેવન હેબીટસ ઓફ હાઈલી ઈફેકટવ પીપલ'ની સફળતા મેળવવાની હેબીટ્સ એટલે કે ટેવોની વાત કરી હતી. ઉપરાંત જ્ઞાન, આવડત, વર્તણૂંકનો સંયોગ થાય તો સારી ટેવો નિપજે છે. અને જો આ ત્રણેયનું સંતુલન ખોરવાય, તો માનસિક વિકૃતિ પણ આવે છે. સાત ટેવોમાં પહેલી ભાવિને ઓળખો, કયું કામ પહેલા કરવું તેનો

નિર્ણય, વિષયને કેવી રીતે સમજી શકાય, માત્ર પોતે જ સફળતા મેળવો એવું નહિ પણ, સાથેના બધા જ સફળતા મેળવે, એવી નેમ હોવી જોઈએ. મન અને બદ્ધિ ધારદાર હશે તો, સફળતા મેળવી શકાશે, આટલું કહી તેમણે પોતાની વાણીને વિરામ આપ્યો હતો.

મુખ્ય વકતા મનોચિકિત્સક ડૉ. ઋતુંભરા મહેતાએ, 'ગુજરાતની અસ્મિતા નારી સશકિતકરણ'માં નારીની પીડાઓ, તકલીફો તથા સહનશકિતની વિસ્તૃત ચર્ચા કરી હતી. સામાન્ય અને વિજ્ઞાનની દ્રષ્ટિએ સ્ત્રીની તાકાતની વાત સમજાવી હતી કે, સમાજમાં પુરુષોની સરખામણી સ્ત્રીને કમજોર માનવામાં આવે છે, પરંતુ વિજ્ઞાનની દ્રષ્ટિએ સ્ત્રી શારીરિક અને માનસિક રીતે પુરુષો કરતાં ઘણી સબળ અને સહનશકિત ધરાવતી હોય છે. વધુમાં તેમણે ભ્રૂણ હત્યા નાબુદી તથા છોકરીઓનાં ઉચ્ચ શિક્ષણ પર ભાર મૂકયો. સમાજમાંથી સ્ત્રી-પુરુષ વચ્ચેનો ભેદ કાઢી નાંખવો જોઈએ, એ માટે સમાજે હકારાત્મક વલણ આપનાવવું જોઈએ.

કેન્સર સ્પેશ્યાલિસ્ટ ડૉ. રવિરાજ સિંહ કેન્સરની માહિતી આપતા કહયું કે, કેન્સર એ એવી બિમારી છે, જે હૃદય સિવાય શરીરમાં બધી જગ્યાએ થાય છે. દારૂ પીનારા લોકોમાં કેન્સરની બિમારી વધુ જોવા મળે છે. આપણા દેશમાં દર વર્ષે ૧.૮૭ લાખ જેટલા કેન્સર રોગીઓનો ઉમેરો થાય છે. કેન્સરનો પ્રતિકાર કઈ રીતે કરવો તેની સમજ આપી સ્વયંસેવકોના જ્ઞાનમાં વધારો કર્યો હતો.

ગઈ કાલે રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ દરમિયાન સ્વયંસેવકોએ બોધ આપતા નાટકો, ભજનો, ગરબા, રાજસ્થાની નૃત્ય, ડાન્સ, મોનો એકટીંગ કરી તેમણે પોતાની ગર્ભિત શકિતના દર્શન કરાવી દર્શકોને મનોરંજન પૂરું પાડયું હતું.

પરિચયવિધી શ્રીમતિ ભાવનાબેન સોલંકીએ, કાર્યક્રમનું સંચાલન પ્રો. ઓફિસર પ્રકાશ નાયક અને એચ. કે. પટેલે કર્યું.

## ૩૧-૧૦-૨૦૦૯




ચોથા દિવસે પરોઢના ૬.૦૦ કલાકે પ્રભાત ફેરી ફરી યોગા કરવામાં આવ્યા હતા. રાજસ્થાનની જૈન વિશ્વભારતી યુનિવર્સિટી લાડનુંનાં વાઈસ ચાન્સેલર અને કુલપતિશ્રી યોગા સમયે ઉપસ્થિત રહયા હતા. રોજની જેમ આજે પણ બ્લડ ડોનેશન અને શ્રમકાર્ય કરવામાં આવ્યું હતું. બપોરના કાર્યક્રમમાં ડૉ. દિનેશ પ્રજાપતિ, ડૉ. સુરેશભાઈ પ્રજાપતિ તથા સમણી ડૉ. મંગલ પ્રજ્ઞાજીએ 'હકારાત્મક અભિગમ અને વ્યકિતત્વ વિકાસ' પર વ્યાખ્યાન આપ્યું હતું.

સવારે યોગા કરી સ્વયંસેવકોએ ચા-નાસ્તો લીધો. એ પછી તેઓ શ્રમકાર્યમાં જોડાઈ ગયા હતા. કંઈક નવું કરવા તત્પર રહેતા, હંમેશા વિદ્યાર્થીઓ અને અધ્યાપકોમાં પ્રાણ ફૂંકવાની કોશિશ કરતા કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ શ્રમ કરતા સ્વયંસેવકોની કામગીરી નિહાળીને તેમને પોતાના જીવનમાં પુરૂષાર્થને ઉતારવા કહયું હતું. સ્વયંસેવકોની માંગણીને માન આપી તેઓની સાથે ફોટો પડાવીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. રોજની જેમ આજે એન.એસ.એસ. અને સુરત રકતદાન કેન્દ્રના સંયુકત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન થયું હતું. જેમાં વિવિધ કોલેજોના ૩૪ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક રકતદાન કર્યું હતું. જે તેઓની દેશભાવના, દેશકાજે કઈ કરી છૂટવાની ખેવનાના દર્શન કરાવે છે.




આજના મુખ્ય વકતા ડૉ. દિનેશ પ્રજાપતિએ વ્યાખ્યાનની શરૂઆત ગુજરાતના માનીતા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં પસંદગીના ગીતથી કરી હતી. જેનાં શબ્દો,

'ધરતી કી શાન તુ હૈ, પ્રભુ કી સંતાન તુ હૈ,
તેરી મુઠ્ઠીઓમેં બંધ તૂફાન હૈ, મનુષ્ય તું બડા મહાન હૈ....'

સફળ થવાની ત્રણ બાબતો અનુક્રમે જ્ઞાન, આવડત અને અભિગમનાં હકારાત્મકતાની વિસ્તૃત ચર્ચા કરી તેમણે જણાવ્યું કે, આત્મવિશ્વાસ જ સફળ થવાનો મંત્ર છે, હકારાત્મક અને નકારાત્મક અભિગમવાળા વ્યકિતઓ વચ્ચેનો તફાવત આપી દ્રષ્ટિકોણનાં વિવિધ ઉદાહરણો દ્વારા સારી સૂજ આપી હતી.

શ્રી સુરેશ પ્રજાપતિએ વ્યકિતત્વ વિકાસ પર બોલતા કહયું કે, 'પોતાની અંદર એટલી તાકાત ઉભી કરો કે, કોઈને કંઈ કહેવું ન પડે કે, મને કંઈ આપો'. તમારી આંતરિક શકિતઓ પર વિશ્વાસ હશે તો, ચોકકસ વ્યકિતત્વનો વિકાસ કરી શકશો.

રાજસ્થાનની જૈન વિશ્વભારતી યુનિવર્સિટી લાડનુંના વાઈસ ચાન્સેલર ડૉ. મંગલ પ્રજ્ઞાજીએ યુવાનોને અનુરોધ કરતા જણાવ્યું કે, વ્યકિતત્વનો ચોકકસ વિકાસ થઈ શકે છે, પણ અસ્તિત્વને બદલી શકાતું નથી. પરિવર્તન આવી શકે છે, પણ આત્મવિશ્વાસ હોવા જરૂરી છે. જયાં સુધી લક્ષ્યની દિશામાં પ્રયાણ ન કરો ત્યાં સુધી પરિણામ મળતું નથી. યોગાભ્યાસથી એકાગ્રતામાં વધારો કરી શકાય છે, જેની અનુભૂતિ આ શિબિરમાં તમે કરી રહયા છો.

૩૦મીની રાત્રીએ સાંસ્કૃતિક કાર્યક્રમ દરમિયાન સ્વયંસેવકોએ કન્યા કેળવણી, લોક સાહિત્ય, સાંક્ષરતા અભિયાન, જેવા નાટકો, ભજન, ડાન્સ, મોનો એકટીંગ કરી હતી.

પરિચય અને આભારવિધી પ્રો. ઓ. નરસિંહભાઈ ટંડેલે અને કાર્યક્રમનું સંચાલન ડૉ. અમિતા એલ. ટંડેલે કર્યું.

## ૧-૧૧-૨૦૦૯




પાંચમા દિવસે રોજની જેમ પ્રભાત ફેરીને યોગા કર્યા હતા. શ્રમ કાર્ય દરમિયાન કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ, કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતા, હાયર એજયુ. ગાંધીનગરના જોઈન્ટ ડિરેકટર એસ.જી. દેસાઈ, સિન્ડિકેટ સભ્યોએ કેમ્પસ મુલાકાત લીધી. બપોરના કાર્યક્રમમાં 'એઈડ્સ જાગૃતિ' પર ડૉ. કિશોર નાડકર્ણી, ડૉ. પૂર્ણિમાએ માહિતી આપી. જાણીતા કટાર લેખ શ્રી જય વસાવડાએ 'અસ્તિતવનો ઉત્સવ અને યુવાનો' પર બોલતા યુવા શકિતને રોમાંચિત કરી દીધા.

શિબિરના પાંચમા દિવસે યોગ વિરામ બાદ સ્વયંસેવકોએ ચા-નાસ્તો લઈ શ્રમકાર્યમાં જોડાઈ ગયા હતાં.




ડૉ. કિશોરભાઈ નાડકર્ણીએ જણાવ્યું કે, દુનિયામાં ૩.૩ કરોડ લોકોને ભારતમાં હાલમાં ૩૦લાખ લોકો એઈડ્સના ભોગ બનેલા છે. તેમણે યુવાનોને એઈડ્સ જાગૃતિ લાવવા આહવાન કર્યું હતું. આ તબકકે એઈડ્સ પર બોલતા ડૉ. પૂર્ણિમાબેને જણાવ્યું કે, સેકસ માટે કોઈને રોકી ન શકાય પરંતુ તેના સાવચેતીના પગલાં લેવા માટે જરૂરથી કહી શકાય. વિવિધ ઉદાહરણો આપી તેનાથી બચવાના ઉપાયો બતાવી યુવાનોને માહિતગાર કર્યા હતા.

પ્રખ્યાત કટાર લેખક શ્રી જય વસાવડાએ સ્વયંસેવકોને ગમે તેવી છટામાં વ્યાખ્યાન આપતા કહયું કે "યુવાપેઢીનો હું વકીલ છું, તે સાથે તેમણે વિષયની શરૂઆત કરી હતી. મોટો ઉત્સવ એટલે એક હજાર ઈચ્છા પામવા કરતાં એક ઈચ્છા જીતી લેવી. જે ભૂમિકા મળે તેને હીરોની જેમ જીવી જવી. તેમણે સમાજ પર કટાક્ષ કરતા કહયું કે, જો તે યુવાનોની ભાષાને ન સમજી શકે, તો તેમનાં અસ્તિત્વને શું સમજી શકવાના ? અને આજે યુવાનોનાં અસ્તિત્વના ઉત્સવને તે માણવા દે છે. ખરો." યુવાનીની વાત કરી વીર નર્મદનાં દર્શન કરાવી દીધાં હતાં. આજની યુવા પેઢી વાંચતી નથી તેનું કારણ તેમને રસ પડે તેવું કોઈ લખતું નથી. સપના દરેક પાસે હોય છે પરંતુ તેને સફળ કરવાની ક્ષમતા હોવી જોઈએ. સફળતા રાતોરાત દેખાતી હોય છે, મળતી નથી હોતી આ વાત કરી, યુવાનોની આંખો ઊઘાડી દીધી હતી. નો પેઈન, નો ગેઈનની સંકલ્પના દ્રષ્ટાંત સાથે સમજાવી સ્વયંસેવકોને મુગ્ધ કરી દીધા હતાં.

આજની યુવાની પર તેમણે કટાક્ષ કર્યો હતો કે, નવી પેઢી ફયુઝન નહિ પણ કન્ફયુઝ છે. યુવાનીને કોઈકનો સિકકો જોઈએ છે, પોતાનાં સિકકા પર નથી ચાલતા, તેમને જલ્સા કરવા ગમે છે, પરંતુ કામ નથી ગમતું. વધુમાં તેમણે સંબોધન કરતાં કહયું કે "યુવાનો ૧૮ વર્ષે મતાધિકાર મેળવી લે છે પણ ભણવાની ફી ભરી શકતા નથી." અંતે તેમણે સફળતાનાં માર્ગની પસંદગી કેવી રીતે કરવી તે સમજાવી વ્યાખ્યાનનો અંત કર્યો હતો.

તા. ૩૧મી ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્વયંસેવકોએ વિવિધ ભૂમિકા ભજવી સૌને મનમોહિત કરી દીધા હતા. જેમાં આદિવાસી નૃત્ય, રાજસ્થાની ફોક નૃત્ય, વગેરે કૃતિઓ રજૂ કરી હતી. તથા પાણી બચાવો, બેટી બચાવો જેવા સમાજને અસર કરતાં વિષયો ઉપર નાટકો દ્વારા સંદેશો આપ્યો હતો.

આભારવિધી અને મહેમાનોનો પરિચય એસ.ડી. ભાવસારે કરી હતી.

## ૨-૧૧-૨૦૦૯





છઠ્ઠા દિવસે સવારે ૬.૩૦ વાગ્યે યોગ ધ્યાન કરી, સમણી પ્રતિભાપ્રજ્ઞાજીની ટીમ દ્વારા વિવિધ આસનો બતાવવામાં આવ્યા. શ્રમકાર્ય દરમિયાન કુલસચિવશ્રી, કુલપતિશ્રી, એન.એસ.એસ. કો-ઓર્ડિનેટર અને કોર ટીમે કેમ્પસની પગપાળા મુલાકાત લીધી. બપોરના બૌધ્ધિક કાર્યક્રમમાં "આધ્યાત્મ વિજ્ઞાન અને યુવાનો" ઉપર સ્વામી પરમાત્માનંદ સરસ્વતીએ અને સ્વામી નિખિલેશ્વરાનંદજીએ ચારિત્ર ઘડતર દ્વારા રાષ્ટ્રિય વિકાસ, અને શ્રી હર્ષદભાઈ શાહે 'ભારતનું ગૌરવ અને યુવાનો' પર મનનીય પ્રવચન આપ્યું હતું.

સવારે ૬.૦૦ વાગ્યે પ્રભાત ફેરી ફર્યા બાદ સ્વયંસેવકોએ યોગાસન કર્યા હતા. સમણી પ્રતિભા પ્રજ્ઞાજીના યોગ ટીમે સ્ટેજ પરથી વિવિધ આસનો પ્રેકટીકલ કરી બતાવ્યા હતા.

શ્રમકાર્યના સમયે કુલપતિશ્રી, ડૉ. બી.એ. પ્રજાપતિ, કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતા, પ્રો-કો-ઓર્ડિનેટર ડૉ. એ.એન. માલવીયા, કોર ટીમના સભ્યો ડૉ. હેમાલીબેન દેસાઈ, ખરવાસિયા, પ્રો.ઓ. ભાવસાર, પ્રો. ઓ.બી.બી. ભંડારી, સહિતની ટીમે ગર્લ્સ હોસ્ટેલ, બિન શૈક્ષણિક સ્ટાફ કવાર્ટર્સ, કેમ્પસની પગપાળા મુલાકાત લઈ સ્વયંસેવકો સાથે વૈચારિક આપલે, શ્રમકાર્યનો અનુભવ વિશેની વાર્તાલાપ કરી હતી. આ સાથે સ્વયંસેવકો સાથે ફોટોગ્રાફ પડાવીને સૂત્રોચ્ચાર કર્યો હતો. કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ સ્વયંસેવકોને પોતાની સારી છાપ બનાવવા, દેશ માટે કંઈ કરી છૂટવા તેમજ અસરકારક વ્યકિતત્વ બનાવવા રાષ્ટ્રીય સેવા યોજના જેવી દેશની અન્ય સંસ્થાઓ સાથે જોડાઈને પ્રદાન આપવા કહયું હતું. યૂસિક બિલ્ડીંગ પાસે કુલસચિવશ્રી જે.આર. મહેતાએ વૃક્ષારોપણ કરીને પર્યાવરણનું જતન, જાળવણી કરવા તેમજ, દેશના લોકોના સ્વાસ્થ્ય સુધરે એવા પ્રયત્નો કરવાનો સંદેશ આપ્યો હતો. એન.એસ.એસ. અને સુરત રકતદાન કેન્દ્રના સંયુકત ઉપક્રમે રાખવામાં આવેલ રકતદાન માટે સ્વયંસેવકોએ ૭૯ બોટલનું, શિબિર દરમિયાન ૧૭૭ બોટલનું રકતદાન કરી તેમનું કર્તવ્ય નિભાવ્યું હતું.

આપણો દેશ આધ્યાત્મિક દેશ છે, તે આધારે આજનાં બપોરના બૌધ્ધિક કાર્યક્રમમાં આધ્યાત્મિકતા પર આર્ટસ વિદ્યા મંદિરના અધ્યક્ષ-રાજકોટના સ્વામી પરમાત્માનંદજીએ પ્રવચન આપતા દેશના આધ્યાત્મિક રૂપી ધનને જાળવવા અને એનો વિશ્વમાં ફેલાવો કરવા કહયું હતું. ધાર્મિક વારસો શું છે તે સાંપ્રદ સમયમાં નિરર્થક છે. કારણ કે આજની વિજ્ઞાન-કેકનોલોજીમાં પ્રગટી આવવાથી, લોકોની રીતિ-નીતિ બદલાઈ ગઈ છે. એના પાયામાં ડીજીટલ ટેકનોલોજીએ ઘર કરી લીધું છે. આજના ઝડપી યુગમાં એકાગ્રતા અને સાવચેતીની જરૂર છે એ માટે આધ્યાત્મિકતા તરફ વળવું પડશે. એમ યુવાનોને જણાવ્યું હતું.

સ્વામી નિખિલેશ્વરાનંદજીએ ચારિત્ર ઘડતર દ્વારા રાષ્ટ્રીય વિકાસ પર બોલતા કહયું કે, ભારતના નિર્માણ કરવા માટે દેશના છેડાના નાગરિકને સાક્ષર બનાવી ગરીબી દૂર કરીશું તો જ દુનિયામાં આપણે આધ્યાત્મિકતાનો સંદેશ ફેલાવી શકીશુ તો જ ભારતનો સમસ્ત વિશ્વ પર વિજય થશે, એવા સ્વામી વિવેકાનંદના વાકયો બોલીને યુવાનોને પોતાને માટે નહીં પણ અન્ય માટે જીવવાની શીખામણ આપી હતી. ચરિતાર્થને શુધ્ધ કરીને રાષ્ટ્રીય વિકાસ કરી શકીશું. ત્રીજા વકતા હર્ષદભાઈ શાહે ભારતનું ગૌરવ અને યુવાનો પર બોલતા કહયું કે : લઘુતાગ્રંથી અને ગુરુતાગ્રંથી વચ્ચે આત્મગૌરવ ગ્રંથી હોવી જોઈએ, પોતાના રાષ્ટ્રની ટીકા ન કરવી અને દેશનું ગૌરવ વધારવું જોઈએ. તા. ૦૧લી ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્વયંસેવકોએ વિવિધ ભૂમિકા ભજવી સૌને મનમોહિત કરી દીધા હતા. જેમાં લોક નૃત્ય, ડાંગી નૃત્ય, ગરબા વગેરે કૃતિઓ રજૂ કરી હતી.

મહેમાનોનો પરિચય પ્રો. ઓફિસર શીલાબેન અને, આભારવિધિ પ્રો. ઓફિસર જે.ડી.એ કરી.

## સમાપન



‘સ્વર્ણિમ ગુજરાતની અસ્મિતા-યુવા શિબિર’નો સમાપન કાર્યક્રમ કુલપતિશ્રી અધ્યક્ષપદે તેમજ અન્ય મહેમાનોની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. જેમાં શિબિરનો અહેવાલ, મહેમાનો દ્વારા ઉદ્‌બોધન અને પ્રો. ઓફિસરો, સ્વયંસેવકો દ્વારા પ્રતિભાવો આપવામાં આવ્યા.



સ્વર્ણિમ ગુજરાતની અસ્મિતાઃ યુવા શિબિર સાતમાં દિવસે પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજાયો. જેમાં કુલપતિશ્રી ડૉ. બી. એ. પ્રજાપતિ, કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતા, મુખ્ય અતિથિ ભરૂચના અને રાજયસભાના સાંસદ ભરતસિંહ પરમાર, ભરથાણા કોલેજના ટ્રસ્ટી, દાનવીર એવા કમલેશભાઈ , એન.એસ.એસ. રિજયોનલ ઓફિસર ડૉ. એન. ગડવાલ, તેરાપંથના સમણી ડૉ. પ્રતિભા પ્રજ્ઞાજી, શ્રી બાલુકાકા, સિન્ડિકેટ મેમ્બર્સ, એન.એસ.એસ. કો.ઓ. ડૉ. એ.એન. માલવીયા અને અન્ય મહેમાનો ઉપસ્થિત રહયા હતા.



આ તબકકે કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ મેગા શિબિરની સ્ફૂર્ણા વાપી કોલેજમાં પ્રો. ઓફિસરો સાથેની મિટિંગ દરમ્યાન થઈ હતી. જેના પરિણામે યુનિ. એ શિબિર યોજી અને આજે પૂર્ણાહૂતિ થઈ રહી છે. જે આ શિબિરને યોજવા માટે મદદરૂપ થનારા દાનવીર તેમજ આપ સૌને આભારી છે. અગત્યની વાત એ છે કે ૨૫૦૦ જેટલા સ્વયંસેવકોએ ભાગ લીધો હોવા છતાંય કોઈપણ જાતની અઘટીત ઘટના ઘટી નથી, જેનો મને ખૂબ આનંદ છે, યુનિ. એ આ શિબિર યોજી બધા સ્વયંસેવકોને ઘડતર રૂપી પાઠ ભણાવીને સમાજ અને રાષ્ટ્ર નિર્માણ માટે તૈયાર કરી પોતાની ફરજ નિભાવી છે.



રાજયસભાના સાંસદ, ભરતસિંહ પરમારે કહયું કે, શિબિરમાં સ્વયંસેવકોના કાર્યો જોઈને ઘણો આનંદ થયો છે, પણ દરેક યુવાને પરિપકવ બની સમાજની વચ્ચે જઈ તેને તંદુરસ્ત બનાવવાના પ્રયત્નો કરવા જોઈએ. તેમણે પ્રોત્સાહન આપતા જણાવ્યું કે તમે લાઈબ્રેરીના પુસ્તકો પરથી ધૂળ તો ઉડાવી દીધી, પણ તે પુસ્તકોના પાના વાંચવા જોઈએ. શ્રમકાર્ય સમયે કંઈ પણ વાગ્યું હોય તો તે જીવનના શ્રમ રૂપી ઘડતરનું પ્રથમ પગથિયું છે. વિદ્યાર્થીમાંથી જ્ઞાન બહાર લાવવાની શકિત ફકત શિક્ષકોમાં છે. તેમણે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની યશગાથા ગાઈ ને કહયું કે મુખ્યમંત્રીશ્રીનું ‘સ્વર્ણિમ ગુજરાત’નું સપનું આ શિબિરને જોતા સાકાર થતું લાગે છે.



અમદાવાદના એન.એસ.એસ. રિજયોનલ ઓફિસર ફોર મિનિસ્ટરી ઓફ યુથ એફર્સ એન્ડ સ્પોર્ટસ, શ્રી ડી.એન. ગઢવાલે કહયું કે, ‘યહ યોજના બહોત હી કમ પૈસે વાલી હે ઉસ્કે સામને ઈતની બડી શિબિર કી વહ પ્રશંસનીય હે.’



વર્તમાન સમય ઉપર બોલતા શ્રી બાલુકાકાએ કહયું કે, આપણે સો ભૂતકાળ અને ભવિષ્યની વચ્ચેના વર્તમાનને ભૂલી ગયા છે. જે દુઃખદ બાબત છે. વર્તમાન કયારેય જીવનમાં પાછળ પડતો નથી. ગુરુથી મોટો, અને શિષ્યથી મોટું પાત્ર કોઈ નથી તે તરફ ધ્યાન દોર્યું હતું. રાજસ્થાનની લાડનું યુનિ.ના કુલપતિ સમણી ડૉ. મંગલ પ્રજ્ઞાજીનો સંદેશો આપતા કહયું કે, કુલપતિ કો ધન્યવાદ દે તે હૈ કિઉન્હોને સબસે હટકર મેગા શિબિર કા આયોજન કિયા, જીસમેં પ્રાચીન યોગકા કાર્યક્રમ રખકર વર્તમાન યુવા પેઢીકો જાગૃત કિયા હે. હમે ઉસ મેં સહભાગી બનાકર મોકા દિયા યહ અચ્છી બાત હૈ’.



કો.-ઓર્ડિનેટર ડૉ. એ.એન. માલવીયાએ સાત દિવસીય શિબિરનો અહેવાલ રજૂ કર્યો હતો. વિશેષમાં કહયું કે પ્રેરણા સ્ત્રોત કુલપતિશ્રી, ઉત્સાહિત કુલસચિવશ્રી થકી આ શિબિરનું આયોજન શકય બન્યું તે વિરલ ઘટના છે. જેમાં ૧૪૨ યુનિટ, ૧૪૨ પ્રો. ઓફિસરો, અને ૨૪૧૬ સ્વયંસેવકોએ એક સાથે રહી કામ કરી તેમજ અન્ય કાર્યક્રમોમાં હાજરી આપી તે મહત્વની છે. આ શિબિરનો હું અંશ બન્યો, મારી અલ્પ શકિત જોડાઈ તે અભૂતપૂર્વ બની રહેશે. તથા લાયબ્રેરીને જીવીત કરી તે કેમ ભૂલાય ?

સ્વાગત પ્રવચનમાં કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતાએ મહેમાનોનું હૃદયપૂર્વક આવકાર્યા હતા. તેમજ સ્વયંસેવકોના દરેક

કાર્યને બિરદાવ્યા હતા. પ્રો.ઓ. ચિરાગ દેસાઈ અને પ્રો.ઓ. પારૂલબેન દેસાઈએ અભિપ્રાય આપ્યો હતો. સ્વયંસેવકોએ પણ અભિપ્રાય આપ્યા હતા. મહેમાનોનો પરિચય સિન્ડિકેટ સભ્ય શ્રી દિનેશભાઈ દાસા અને સંજયભાઈ દેસાઈએ આપ્યો હતો. કુલપતિશ્રી અને કુલસચિવશ્રીને સાલ ઓઢાડી પ્રો. ઓફિસરો થકી સન્માન કરાયું હતું.

આભારવિધિ કોર સમિતિના સભ્ય ડૉ. કે.સી. પોરિયાએ કરી હતી.

## દાતાશ્રીઓ

૧. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, સુરત.
૨. આર.કે.ટી. એમ સર્વિસ પ્રા.લિ., સુરત
૩. માં ફાઉન્ડેશન, વાપી
૪. શ્રી મોહનલાલ હરકિશનદાસ કંસારા, કેળવણી ટ્રસ્ટ, નવસારી.
૫. શ્રી સી. જે. પટેલ કોમર્સ કોલેજ, વરીયાવ, સુરત.
૬. લક્ષ્મી ગજેરા ઈન્સ્ટીટ્યુટ કોલેજ, સરીગામ.
૭. બારડોલી પ્રદેશ કેળવણી મંડળ, બારડોલી.
૮. યુનાઈટેડ ફોસ્ફરસ લિ., વાપી.
૯. અભિનવ એજ્યુકેશન ટ્રસ્ટ, જહાંગીરપુરા, સુરત.
૧૦. જય ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ, પાંડેસરા.
૧૧. બીલીમોરા વિભાગ કેળવણી મંડળ, બીલીમોરા.
૧૨. પ્રો. વી.બી. શાહ ઈન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ આર.વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી. એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ, અમરોલી.
૧૩. શ્રી ઉત્તર ગુજરાત બી.બી.એ. એન્ડ બી.સી.એ., કોલેજ, સુરત.
૧૪. નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ, સુરત.
૧૫. જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી.
૧૬. રમણલાલ કુંવરજી દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન, વાપી.
૧૭. શ્રી વેસ્તાભાઈ એસ. પટેલ કોલેજ ઓફ બી.એડ. (ગર્લ્સ), ધરમપુર.
૧૮. ઉધના સીટીઝન કો.ઓ. બેંક કોમર્સ કોલેજ, ઉધના.
૧૯. શ્રી દક્ષિણ ગુજરાત શિક્ષણ સમાજ, કુંભારીયા.
૨૦. શ્રી શંભુભાઈ બી. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, સુરત.
૨૧. ધી સુરત પીપલ્સ કો.ઓ. બેંક કોલેજ ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ.), અમરોલી.
૨૨. સાર્વજનિક કોલેજ ઓફ એન્જી. એન્ડ ટેકનો., સુરત.
૨૩. ઉધના એકેડેમી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી (બી.સી.એ.) ઉધના.
૨૪. કે.બી.એસ. કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેસનલ સાયન્સ, વાપી.
૨૫. શ્રી જે.પી. આર્ટ્સ એન્ડ સાર્વજનિક કોલેજ, ભરૂચ.
૨૬. કે.પી. કોમર્સ કોલેજ, સુરત.
૨૭. દોલત ઉષા ઈન્સ્ટીટ્યુટ ઓફ એપ્લાયડ સાયન્સ એન્ડ ધીરૂ સરલા ઈન્સ્ટીટ્યુટ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, વલસાડ.
૨૮. નુતન ગ્રામ વિદ્યાપીઠ, થવા.
૨૯. ઈવનિંગ કોમર્સ કોલેજ, સુરત.
૩૦. સિધ્ધાર્થ લો કોલેજ, સુરત.
૩૧. ભગવાન મહાવીર એજ્યુકેશન ફાઉન્ડેશન, સુરત.
૩૨. એમીટી બી.એડ. કોલેજ, ભરૂચ.
૩૩. તેરાપંથ ભવન - પ્રેક્ષાધ્યાન મંડપ
૩૪. જૈન વિશ્વ ભારતી યુનિવર્સિટી, લાડનૂં, રાજસ્થાન - ધ્યાનની પુસ્તિકા
૩૫. ડૉ. બી.એ. પ્રજાપતિ, મા. કુલપતિશ્રી, સ્વામી વિવેકાનંદજીનું પુસ્તક (પ્રત્યેક સ્વયંસેવકને)
૩૬. રકતદાન કેન્દ્ર - ફોલ્ડર કીટ
૩૭. ધી સુરત પીપલ્સ કો.ઓ.બેંક - (પ્રત્યેક સ્વયંસેવક તથા પ્રો.ઓ.ને કેપ)
૩૮. અંબામા કોમર્સ કોલેજ એન્ડ મણીબા ઈન્સ્ટીટયૂટ ઓફ બીઝનેસ મેનેજમેન્ટ.
૩૯. બી.સી.એ. કોલેજ, સાબરગામ, નિયોલ.
૪૦. ડૉ. એ.એન. માલવિયા, ઈ.ચા. પ્રોગ્રામ - કો-ઓર્ડિનેટર
૪૧. શ્રીમાન સંદિપ મંડપ.
૪૨. વિદ્યાભારતી ટ્રસ્ટ, ઉમરાઠ.

## સમિતિ

**મીડિઆ –** ૧. ડૉ. એસ. કે. ટાંક, ૨. ડૉ. એસ.બી. નાયક, ૩. સંયુકત માહિતી નિયામક. **કાર્યક્રમ સમન્વય / કોર સમિતિ –** ૧. ડૉ. કે.સી. પોરીયા, ૨. ડૉ. એન.બી. પટેલ, ૩. ડૉ. હેમાલી એ. દેસાઈ, ૪. ડૉ. હિતેન્દ્રસિંહ વાય. ખરવાસીયા, ૫. ડૉ. આય. એમ. પટેલ, ૬. ડૉ. ગૌરાંગ રામી, ૭. શ્રી ભરત બી ભંડારી, ૮. શ્રી એચ. કે. ભવસાર, ૯. શ્રી મયંકભાઈ શાહ, ૧૦. ડૉ. એ.એન. માલવીયા. **રજીસ્ટ્રેશન અને સર્ટિફિકેટ વિતરણ સમિતિ –** ૧. ડૉ. ગૌરાંગ રામી, ૨. શ્રી ભરત બી. ભંડારી, ૩. ડૉ. રૂપાબેન શાહ, ૪. શ્રી વિનોદભાઈ પટેલ. **નાણા અને સોવનિઅર સમિતિ –** ૧. શ્રી દિનેશભાઈ ડી. દાસા, ૨. શ્રી સંજયકુમાર આઈ. દેસાઈ, ૩. શ્રી દિપક આઈ. આફ્રિકાવાલા, ૪. ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ, ૫. ડૉ. કે.એન. ચાવડા, ૬. ડૉ. હેમાલીબેન એ. દેસાઈ. **ભોજન સમિતિ –** ૧. આચાર્ય જે.એમ. નાયક, ૨. ડૉ. જે.એમ. નાયક, ૩. ડૉ. કે.એન. ચાવડા, ૪. ડૉ. પી.એચ. ભાઠાવાલા, ૫. ડૉ. જે.ટી. દેસાઈ. **આવાસ સમિતિ –** ૧. ડૉ. આર. ડી. પાટીલ, ૨. ડૉ. એસ. કે. ટાંક, ૩. ડૉ. કપીલા મનોજ. **આરોગ્ય સમિતિ –** ૧. ડૉ. એસ.બી. નાયક.


VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

**Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat.**

**Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com